# ગુજરાત વિધાનસભા સચિવાલય

**વિઠ્ઠલભાઈ પટેલ ભવન,**

**સેકટર નં.૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦**

## પ્રિન્ટર્સની કાર્ટિઝ રિફિલીંગ અંગેના ભાવપત્રક બાબત

આ સચિવાલય ખાતે વસાવવામાં આવેલ આ સાથે સામેલ પત્રક મુજબના પ્રિન્ટરોના ટોનર/કાર્ટિઝોના રીફિલીંગ માટે આ સાથે સામેલ શરતો મુજબ રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી આ સાથે સામેલ નિયત નમૂનામાં વાર્ષિક દરે ભાવપત્રકો મંગાવવામાં આવે છે. જે સીલબંધ કવરમાં "પ્રિન્ટર્સની કાર્ટિઝ રિફિલીંગ અંગેના ભાવપત્રક" શિર્ષક સાથે, સામેલ રાખેલ નમૂના મુજબની જ અરજી, સંસ્થા/એજન્સીના લેટરપેડ પર તૈયાર કરી, જરૂરી આધાર/પૂરાવાઓ અરજી સાથે સામેલ રાખી, બંધ કવરમાં નીચેના સરનામે મોકલી આપવા વિનંતી છે. આ સાથે સામેલ નમૂના સિવાય અન્ય નમૂના કે ફોર્મેટમાં મળેલ અરજીઓ કોઇ પણ સંજોગોમાં ધ્યાને લેવામાં આવશે નહિ.

**અરજી મોકલવાનું સરનામું:**

**ડૉ. હર્ષિલ પટેલ,**
**નાયબ સચિવશ્રી(આઇ.ટી.),**
**ગુજરાત વિધાનસભા, વિઠ્ઠલભાઈ પટેલ ભવન,**
**સેકટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦**

**ભાવપત્રક આપવાની છેલ્લી તારીખઃ ગુરુવાર, તા.૨૯/૦૧/૨૦૨૬ (કચેરી સમય સુધીમાં)**

**ભાવપત્રક ખોલવાની તારીખઃ શુક્રવાર, તા.૩૦/૦૧/૨૦૨૬, સવારે ૧૧:૩૦ કલાકે**

**સ્થળઃ ડૉ. હર્ષિલ પટેલ, નાયબ સચિવશ્રી(આઇ.ટી.)ની ચેમ્બરમાં, રૂમ નંબર-૩૦૩, ત્રીજો માળ, ગુજરાત વિધાનસભા, વિઠ્ઠલભાઈ પટેલ ભવન, ગાંધીનગર.**

**(શરતો માટે પાછળ જુઓ)**

# શરતો

1. આ કરાર કચેરી હુકમની તારીખથી એક વર્ષ સુધીનો રહેશે.
2. સંસ્થાનો કાર્ટિઝ રીફિલીંગ ક્ષેત્રનો ઓછામાં ઓછો સરકારી/અર્ધસરકારી સંસ્થાનો બે વર્ષનો અનુભવ હોવો જોઇશે. જેનો પુરાવો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે.
3. ફક્ત G.S.T. રજિસ્ટ્રેશન નંબર ઘરાવતી સંસ્થાના જ ભાવપત્રક માન્ય રાખવામાં આવશે તથા G.S.T. રજિસ્ટ્રેશનનો પૂરાવો ટેન્ડર ભરતી વખતે જ પૂરો પાડવાનો રહેશે.
4. ફક્ત અમદાવાદ અને ગાંધીનગર ખાતે જ કચેરી ઘરાવતી સંસ્થાઓના ભાવપત્રક માન્ય રાખવામાં આવશે તથા તેનો પૂરાવો ટેન્ડર સાથે જ આપવાનો રહેશે.
5. ટોનર/કાર્ટિઝ રીફિલીંગ માટેની ઇંક તથા જરૂરી સ્પેરપાર્ટસ ઉચ્ચ ગુણવત્તાવાળા વાપરવાના રહેશે.
6. આ અંગે થયેલ કામગીરી સંતોષકારક માલુમ જણાશે નહીં તો આ કરાર તાત્કાલિક અસરથી કોઇપણ જાતની પૂર્વ સૂચના વગર રદ કરવામાં આવશે.
7. ટોનર/કાર્ટિઝ રીફિલીંગ તેમજ સ્પેરપાર્ટસ રીપેરીંગ માટે ઓર્ડર આપ્યાની તારીખથી ૪૮ કલાકમાં કામગીરી પૂરી કરવાની રહેશે.
8. ટોનર/કાર્ટિઝ રીફિલીંગ કામગીરી આ સચિવાલયની આઇ.ટી. શાખામાં રૂબરૂ આવીને કરી આપવાની રહેશે.
9. આ શરતો સાથે સરકારના ધારાધોરણો મુજબની અન્ય શરતોનું પાલન કરવાનું રહેશે.
10. કોઇપણ જાતનું કારણ દર્શાવ્યા વગર આ ટેન્ડર રદ કરવાનો અધિકાર આ કચેરીનો રહેશે.
11. ઉપરોક્ત શરતોમાં કોઈપણ સમયે ફેરફાર કરવાનો આ કચેરીને અધિકાર રહેશે.
12. કરારનો એક વર્ષનો સમયગાળો પૂર્ણ થયેથી, જે તે સંસ્થાની કામગીરી સંતોષકારક જણાયેથી, કરારના બંને પક્ષકારની સંમતિથી કરારનો સમયગાળો વધુ એક વર્ષ માટે લંબાવી શકાશે.
13. ટોનર/કાર્ટિઝ રીફિલીંગના ભાવ G.S.T. સાથેના ભરવાના રહેશે.

**ડૉ. હર્ષિલ પટેલ**
**નાયબ સચિવ,**
**ગુજરાત વિધાનસભા સચિવાલય.**

**તા.** ૧૭/૦૨/૨૦૨૬
**સ્થળ: ગાંધીનગર**

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**(સંસ્થા/એજન્સીના લેટરપેડ પર નીચે મુજબની અરજી તૈયાર કરવી)**

**ગુજરાત વિધાનસભા સચિવાલય ખાતે પ્રિન્ટર્સની કાર્ટિઝ રિફિલીંગ અંગેના ભાવપત્રક અંગે ગુજરાત વિધાનસભાની વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ ટેન્ડર અંગેની અરજી**

**પ્રતિ,**
**નાયબ સચિવશ્રી(આઇ.ટી.),**
**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.** **તારીખઃ**

**વિષયઃ- ગુજરાત વિધાનસભા ખાતે પ્રિન્ટર્સની કાર્ટિઝ રિફિલીંગ અંગેના ભાવપત્રક બાબત**

**સાહેબશ્રી,**

સવિનય ઉપરોકત વિષયે આપને જણાવવાનું કે, તા.________________ ના રોજ ગુજરાત વિધાનસભા સચિવાલય ખાતે પ્રિન્ટર્સની કાર્ટિઝ રિફિલીંગ અંગેના ભાવ અંગે ગુજરાત વિધાનસભાની વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ ટેન્ડરમાં અમો ભાગ લેવા ઇચ્છીએ છીએ. અમોએ ટેન્ડરમાં દર્શાવેલ શરતો વાંચેલ છે તથા તમામ શરતો અમે કબૂલ-મંજૂર રાખી અમારી સંસ્થા તરફથી નીચેની વિગતોએ ભાવપત્રક સાથે અમોની અરજી ધ્યાને લેવા આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી છે.

| | | |
|---|---|---|
| ૧ | સંસ્થા/એજન્સીનું નામ | |
| ૨ | પ્રોપરાઇટરનું નામ, એજન્સીનું પૂરૂ સરનામુ તથા ફોન નંબર, મોબાઇલ નંબર | |
| ૩ | સંસ્થા તરફથી રજૂ થયેલ ભાવ (જી. એસ. ટી. સાથે) | પત્રક-૧ મુજબ (પત્રક આ સાથે સામેલ છે) |
| ૪ | સંસ્થાનો જી.એસ.ટી. નંબર (પૂરાવો સામેલ રાખવો) | |
| ૫ | સંસ્થાની અમદાવાદ કે ગાંધીનગર ખાતે કચેરી છે કે કેમ? | હા/ના |

વધુમાં, અમો એ પણ ખાતરી આપીએ છીએ કે, જો અમોની સંસ્થા/એજન્સીની ટેન્ડરના અંતે પસંદગી કરવામાં આવશે તો ટેન્ડર સાથે દર્શાવેલ તમામ શરતોનું અમો દ્વારા કરારના સમયગાળા દરમિયાન પાલન કરવામાં આવશે તથા અમારી સંસ્થા તરફથી અન્ય કોઇ શરતો આપની કચેરી પર લાદવામાં આવશે નહી તથા જો લાદવામાં આવશે તો અમો આપો આપ ટેન્ડર પ્રક્રિયામાં ગેરલાયક ઠરીશું તેનાથી અમો માહિતગાર છીએ.

**આપનો વિશ્વાસુ,**

**સહીઃ**
**નામઃ**
**હોદ્દોઃ**
**સંસ્થાનો સિક્કો**

**બિડાણઃ**(સૂચનાઃ અરજી સાથે નીચે દર્શાવેલ કાગળો ફરજીયાત જોડવા)

(૧) જી.એસ.ટી.અંગેનો પૂરાવો
(૨) અમદાવાદ કે ગાંધીનગર ખાતે કચેરી અંગેનો પૂરાવો
(૩) સરકારી/અર્ધસરકારી સંસ્થા સાથે બે વર્ષના અનુભવ અંગેનો પુરાવો

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

# પત્રક

## (સંસ્થા/એજન્સીના લેટરપેડ પર નીચે મુજબનો નમૂનો તૈયાર કરવો)
## (ભાવ G.S.T. સાથે ભરવા)

### કાર્ટિઝ રીફિલીંગ અંગેના ભાવપત્રક

| અ. નં. | પ્રિન્ટરનું નામ અને નંબર | કાર્ટિઝ નં. | રીફિલીંગ નો ભાવ (નંગ દીઠ) | ડ્રમ | મેગ્નેટિક રોલર | વાઇપર બ્લેડ | ચીપ (જરૂર હોય ત્યાં) | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કેનન મલ્ટિફંક્શન – 3010 | 925 | | | | | | |
| ૨ | કેનન LBP 6230 DN (મોનો લેસર) | 326 | | | | | | |
| ૩ | કેનન LBP214dw | 052 | | | | | | |
| ૪ | એચ.પી. કલર જેટ પ્રો– 200 | CF210A થી CF213A | | | | | | |
| ૫ | એચ. પી. કલર લેસર જેટ પ્રો- M454DW | HP 416A | | | | | | |
| ૬ | એચ. પી. લેસર જેટ P2055d | 05A | | | | | | |
| ૭ | એચ.પી. લેસર જેટ પ્રો 3004dw | 146A | | | | | | |
| ૮ | બ્રધર મલ્ટિફંક્શન MFC-L5900DW | TN3448 | | | | | | |
| ૯ | કેનન LBP 172 DW | 072 | | | | | | |
| ૧૦ | કેનન MF 465 DW | 070 | | | | | | |
| ૧૧ | કેનન કલર LBP 623DW | 054 | | | | | | |

ગુજરાત વિધાનસભા સચિવાલય * ગાંધીનગર *

નાયબ સચિવ
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર-૩૮૨૦૧૦